# ભાઠાની તાપી પટની જમીન ડૂબમાં હોવા સાથે બિનખેતીની પરવાનગી રદ

**હેઝાર્ડ** ઝોનની જમીન ઉપર ઓલપાડ પ્રાંત ઓફિસની તપાસમાં પણ માટીપુરાણ અને દબાણો જણાયા

**તાપી** નદી કિનારે માટી પુરાણની કામગીરી પાળા યોજનાની જોગવાઈઓનો ભંગ કરી નંખાયો

**વિપક્ષી** દર્શન નાયકની સરકારમાં કરાયેલી રજૂઆતોને પગલે ઓલપાડ પ્રાંતની તપાસમાં ઘટસ્ફોટ થયા

સુરતઃ સુરત શહેરને અડીને આવેલા ભાઠા વિસ્તારમાં વિવાદી જમીનો ઉપર તાપી પટ ઉપર ગેરકાયદે દબાણો અને બાંધકામોની ફરિયાદ બાદ ઓલપાડ પ્રાંત ઓફિસરની તપાસમાં પણ મોટો ઘટસ્ફોટ થયો છે.

સુરત જિલ્લાના કોંગ્રેસના આગેવાન દર્શન નાયકે જણાવ્યું છે કે, ચોર્યાસી તાલુકાના ભાઠા ગામ ખાતે તાપી નદીના કિનારાનાં બેટમાં આશરે ૧૦૦૦ થી ૧૨૦૦ વિઘા ગૌચરની અને સરકારી પડતરની જમીનો અને આશરે ૩૦૦ થી ૩૫૦ વિઘા ખાનગી જમીન છે. ભૂતકાળમાં સ્થાનિક ગ્રામજનો દ્વારા આ વિસ્તારમાં ફરતી ખેતી કરવામાં આવતી હતી. આ સમગ્ર વિસ્તાર તાપી નદીના ફલડ પ્લેન ઝોનનો વિસ્તાર છે અને લો-લાઈંગ વિસ્તાર છે.

જો વધુ વરસાદ પડે તો આ સમગ્ર વિસ્તાર ડૂબમાં જાય એમ છે. ચોમાસાની ઋતુ દરમિયાન આ વિસ્તારમાંથી વરસાદી પાણીનો નિકાલ નદી મારફતે દરિયામાં થતો હતો. જેના કારણે વરસાદી પાણીનો ભરાવો થવાની સમસ્યા ઊભી થતી ન હતી. હાલમાં ભાઠાની બ્લોક નં. ૬૦૮, અને ૬૨૮ વાળી જમીનમાં રોડ-રસ્તાઓ, કંપાઉન્ડ વોલ સહિતનું કાયમી બાંધકામ કરાયું છે. તાપી નદી કિનારે માટી પુરાણની કામગીરી પાળા યોજનાની જોગવાઈઓનો ભંગ કરી નંખાયો છે. આ માટી પુરાણ વહીવટી તંત્રની મજૂરી વિના જ તાપી નદી કિનારાની સરકારી જમીન ખોદી નાંખી છે. ઉલ્લેખનીય છે કે, આગામી દિવસોમાં આ પ્રકરણમાં પણ ચોંકાવનારા ખુલાસા થશે.

## ઓલપાડ પ્રાંત અધિકારીના રિપોર્ટમાં પણ આ જમીન ઉપર ગેરકાયદે દબાણ ફલિત થયું

પ્રાંત અધિકારી ઓલપાડના રિપોર્ટમાં જણાવેલી હકીકતો પ્રમાણે આ તમામ વિવાદી બ્લોક નંબરો બિનખેતી કરી દેવાયા છે. અને હાલમાં આ બ્લોક નંબરોમાં સિમેન્ટના પાળાઓ બની ગયા છે. તે ઉપરાંત સ્લેગના ઢગલાઓ પાથરી દેવામાં આવ્યા છે. મોટા પાયે માટી પુરાણ કરી દેવાયું છે. બ્લોક નંબરોમાં સિમેન્ટના પાળા પાણી ન ભરાઈ જાય તે માટે બનાવી દેવામાં આવ્યા છે. પરંતુ અહીં નોંધનીય બાબત એ છે કે આ તમામ બ્લોક નંબરો ડૂબાણ વિસ્તારમાં આવે છે અને આ સિમેન્ટના પાળાઓ વરસાદી પાણી રોકવાનું પૂરેપૂરું કામ કરશે. જેને કારણે ભાઠા ગામના હેઠવાસના આવેલા વિસ્તારોમાં બોટલનેકિંગ થવાને કારણે પાણી ભરાઈ જવાની અને પુર આવવાની પૂરેપૂરી સંભાવનાઓ રહેલી છે. આજથી ૧૫ વર્ષ પહેલા તાપી નદીની વહન ક્ષમતા ૧૦ લાખ ક્યુસેક પાણીની હતી. જે હાલમાં ફક્ત ૩ લાખ જેટલી જ રહી ગયેલી છે. તાપી નદી કિનારે આવેલી સરકારી ખાર ખરાબાની જમીનોમાં ગેરકાયદેસર રીતે જિંગા તળાવો બની જવાથી તાપી નદીમાં બોટલનેકિંગની પરિસ્થિતિ સર્જાયેલી છે. અને દર ચોમાસામાં પાણી નિકાલની સમસ્યાઓ ઊભી થાય છે. જેથી આ ગેરકાયદેસર બનેલા જિંગા તળાવો દૂર કરવા પણ તાપી નદીની વહન ક્ષમતા વધારવા માટે ખૂબ જ જરૂરી છે.

## તાપી નદીના પટની આ જમીન હેઝાર્ડ ઝોનમાં છે

બ્લોક નં. ૬૦૮ અને ૬૨૮ સહિતના બ્લોક નંબરોએ કોસ્ટલ રેગ્યુલેશન ઝોન નોટિફિકેશન ૨૦૧૧-૧૯ મુજબ "હેઝાર્ડ લાઇન"માં આવે છે અને સીઆરઝેડ વિસ્તારમાં આવે છે. તેમજ વર્ષ ૨૦૦૬માં જ્યારે તાપી નદીમાં પૂર આવેલું ત્યારબાદ બાઈસેગ (ભારતીય નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર સ્પેશ એપ્લિકેશન અને જીઓ-ઇન્ફોર્મેટીક્સ) દ્વારા નકશા તૈયાર કરાયા હતા. જે નકશાઓ મુજબ નદી કિનારેથી ૩૦ થી ૧૫૦ મીટર માર્જિનથી કન્સ્ટ્રક્શન ઝોન તરીકે જાહેર કરાયો છે. અને સર્વે/બ્લોક નં.૬૦૮, ૬૨૭ અને ૬૨૮ સંપૂર્ણ ધોવાણ વિસ્તાર તરીકે દર્શાવેલા હતા. એટલે કે આ બ્લોક નંબરો ફલડ પ્લેન ઝોનમાં આવે છે અને પાણી ભરાવાની પૂરેપૂરી સંભાવનાઓ રહેલી છે.

# કડોદરામાં નવી શરતની જમીન પર બનેલા 300 મકાન સરકાર હસ્તક લેવાયા

**નવી** શરતની જમીન હોવા છતાં બિલ્ડરે પ્લોટ પાડીને તેને કબજારસીદથી વેચી દીધા હતા

**પ્લોટ** પર એક-બે નહીં પરંતુ 300 જેટલા મકાનો બાંધી દેવામાં આવ્યા હતા

**જગ્યાનું** જુની શરતનું પ્રિમીયમ ભરવામાં આવ્યું નહોતું, જેને કારણે કૃષિપંચ અને મામલતદારે પ્રીમિયમને પાત્ર જમીન મૂળ સ્થિતિમાં લાવવા હુકમ કર્યો હતો

**અગાઉ** કડોદરા ભાજપ સંગઠનના નેતાએ ચીફ ઓફિસર સાથે મળીને 'કુલડીમાં ગોળ ભાંગ્યો' હતો

**નાણાં** લઈ જનાર ભાજપના નેતા સામે લોકોમાં ભારે રોષ



## સરકાર અને કલેક્ટર આ બાબતે તપાસ કરાવે

સત્યમ શિવમ સુન્દરમ સોસાયટી નવી શરતની હોવા છતાં અહીં આટલું મોટું ગેરકાયદે બાંધકામ થઇ ગયું અને બિલ્ડરોએ ગરીબ લોકોને કબજા રસીદના આધારે પ્લોટ વેચી દીધા અને જે-તે સમયે કડોદરા ગ્રામ પંચાયત અસ્તિત્વમાં હતી તેમ છતાં પંચાયતના શાસકો અને તલાટી દ્વારા આ બ્લોકની આકારણી કરવામાં આવી ન હતી. ત્યાર બાદ નગરપાલિકામાં અસ્તિત્વમાં આવ્યા બાદ પણ ઘણા ચીફ ઓફિસર આ બ્લોકની આકારણીથી દૂર રહ્યા હતા. પરંતુ બે વર્ષ અગાઉ આ આકારણી કરી દેવાઈ હતી અને સરકારને પૈસા ભરાવવાની જગ્યાએ આકારણી કરી સરકારને આડકતરી રીતે મોટું નુકસાન કરવામાં આવ્યું છે. કલેક્ટર દ્વારા શરૂઆતથી લઈ હાલ સુધી તપાસ કરાવાય તો ઘણા અધિકારીઓ સામે પગલાં લેવાય તેમ છે તેમજ ભ્રષ્ટાચારની પણ પોલ ખુલ્લી પડે તેમ છે.

પલસાણાઃ કડોદરામાં નવી શરતની જમીન ઉપર બાંધવામાં આવેલી સત્યમ શિવમ સુન્દરમ સોસાયટીના 300થી વધુ મકાન તેમજ 100 જેટલી બિનઅધિકૃત દુકાનોને સરકાર હસ્તક કરવામાં આવતાં ગરીબ લોકો ઉપર આભ તૂટી પડ્યું છે. થોડા સમય પહેલાં આકરણીના નામે લાખો રૂપિયા ઉઘરાવનારા નેતા સામે લોકો રોષ વ્યક્ત કરી રહ્યા છે.

કડોદરા સત્યમ શિવમ અને સુન્દરમ સોસાયટી બ્લોક નં.143 118/અ અને 119માં કબજા રસીદથી ઊભી કરવામાં આવી હતી. આ નવી શરતની જમીન હોવા છતાં બિલ્ડરે પ્રિમિયમ ન ભરવું પડે એ માટે કબજા રસીદ મારફતે પ્લોટ પાડી વેચી દીધા હતા.

આ પ્લોટ ઉપર ગાળા ટાઇપ 300થી વધુ મકાનો બનાવી બિલ્ડરે વેચ્યા હતા. બિનઅધિકૃત રીતે તૈયાર થયેલી આ સોસાયટીમાં છેલ્લાં 15 વર્ષથી પણ વધુ સમયથી કોઈ પણ તલાટી કે ચીફ ઓફિસર દ્વારા આકારણી કરાઇ ન હતી, પણ ગત બે વર્ષ અગાઉ કડોદરા ભાજપ સંગઠનના એક નેતાએ ચીફ ઓફિસર સાથે મળી પાલિકામાં આકારણી કરવાનું કામ હાથ ઉપર લીધું હતું અને આકારણીના નામે લાખો રૂપિયા ઉઘરાવ્યા હોવાની ચર્ચા એ સમયે 'ટોક ઓફ ધ ટાઉન' બની હતી.

હાલ આ જમીન ઉપર થતું બાંધકામ સરકારની નજરમાં આવતાં પલસાણા મામલતદાર અને કૃષિ પંચ દ્વારા નવી શરતની જમીનમાં પ્રીમિયમ ના ભરપાઇ કરવાથી તા.31/3/23ના રોજ હુકમ કરી જગ્યા મૂળ સ્થિતિમાં લાવવા હુકમ કર્યો હતો.

જો આ જગ્યા મૂળ સ્થિતિમાં ન કરવામાં આવે તો સરકાર હસ્તક કરવા જણાવ્યું હતું. જે આધારે પલસાણા મામલતદારે આ સમગ્ર જમીન સરકાર હસ્તક કરી ત્યાં ચાલતું બાંધકામ અટકાવ્યું છે.

જેના કારણે ત્યાંના અંદાજે 300થી વધુ મકાનો તેમજ 100 જેટલી દુકાનના ખરીદનારો દોડતા થયા છે.

બીજી તરફ આકારણીના નામે લીગલ કરવાનું કહી પૈસા લઈ જનાર ભાજપ સંગઠનના નેતા ઉપર લોકો રોષ વ્યક્ત કરી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આવી રીતે કડોદરા તેમજ આસપાસના વિસ્તારોમાં અનેક નવી શરતની જમીનોમાં પ્લોટ પાડીને તેને કબજા રસીદથી વેચી દેવામાં આવી છે. જો સરકાર દ્વારા આ મામલે તપાસ કરવામાં આવે તો સંભવ છે કે આગામી દિવસોમાં અનેક જમીનના ભોપાળા બહાર આવે તેમ છે.

# સુરત ડીસ્ટ્રિક્ટ બેંકે 2023-24 માં રેકોર્ડ બ્રેક 1535 કરોડનો બિઝનેસ કર્યો

**બેંકની** 115 મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ



સુરત : ધી સુરત ડિસ્ટ્રીક્ટ કો.ઓપ. બેંક લિ. ની ૧૧૫ મી વાર્ષિક સાધારણ સભા તા.૧૪-૦૭-૨૦૨૪ ના રોજ બારડોલી ખાતે લેઉઆ પાટીદાર સમાજવાડી, બારડોલી મુકામે સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

સભાની શરૂઆત કરતા બેંકના ચેરમેન બળવંતભાઈ પટેલે જણાવ્યું હતું કે, બેંકે સને ૨૦૨૩-૨૪ માં કરેલા રૂા.૧૫૩૫ કરોડના વ્યાપારની અભૂતપૂર્વ સિધ્ધિ મેળવી છે. ચોર્યાસીના ધારાસભ્ય અને ડિરેક્ટર સંદિપભાઈએ જણાવ્યું કે સહકારી સસ્થાઓનું બજેટ ગુજરાત સરકારના બજેટ જેટલું છે. તેથી સહકારી પ્રવૃત્તિ દ્વારા આર્થિક વિકાસને માધ્યમ બનાવવું જોઈએ. બેંકના ડિરેક્ટર તથા સુમુલ ડેરીનાં ચેરમેન માનસિંહભાઈ પટેલે કેન્દ્રીય સહકારીતા મંત્રી અમીતભાઈ શાહે આપેલા માર્ગદર્શન અંગે PACS કક્ષાએ કરવાની કામગીરીની વિસ્તૃત છણાવટ કરી હતી. PACS નું મહત્વ સમજાવતાં મંત્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું કે કેન્દ્રીય સહકારીતા મંત્રાલયના સહકાર મંત્રી અમિતભાઈ શાહના નવા અભિગમમાં રાજ્ય સરકારનો સાથ સહકાર રહેશે.

પીઢ સહકારી અગ્રણી અને સુરત જિલ્લા સંઘના પ્રમુખ ભીખાભાઈ પટેલે જણાવ્યું હતું કે, સહકારના માધ્યમથી જ ગામડાના લોકોની સુખાકારીના કામો થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. બેંકના એમ.ડી. મહાવીરસિંહ ચૌહાણે બેંકની એક્ઝિક્યુટીવ ટીમ સાથે બેંકના કર્મચારી ગણ પ્રત્યે આભાર વ્યક્ત કરતાં સુડીકો. બેંક પરીવારનો આભાર વ્યક્ત કર્યો હતો.

સભામાં અન્યોમાં જિલ્લા પંચાયતના સદસ્ય ભાવેશભાઈ પટેલ, નિઝરના ધારાસભ્ય જેરામભાઈ ગામીત, ખરીદ-વેચાણ સંઘના પ્રમુખ રમણભાઈ પટેલ, તેમજ જિલ્લાના સુગર ફેક્ટરી તેમજ અર્બન બેંકોના પ્રમુખો હાજર રહ્યા હતા.

# રાજ્યવ્યાપી જીએસટી કૌભાંડમાં ભાવનગરના વેપારીની ધરપકડ

**વેપારીએ** બોગસ દસ્તાવેજોના આધારે બે પેઢીના જીએસટી નંબર મેળવી દોઢ લાખમાં અન્યોને આપ્યા હતા

**વોન્ટેડ** અ.કાદર ઉમરાણીના 3 દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા

સુરતઃ જીએસટીના રાજ્યવ્યાપી કૌભાંડમાં વર્ષ 2022માં સુરત ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાઈ હતી. જેમાં વોન્ટેડ આરોપીની ભાવનગર એલસીબીએ ધરપકડ કરી સુરત ઈકોસેલને સોંપ્યો છે. ઈકોસેલે 3 દિવસના રિમાન્ડ મેળવ્યા છે.

પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ ગુજરાત એટીએસએ ડિસેમ્બર 2022માં રાજ્યવ્યાપી જીએસટી કૌભાંડ પકડી પાડ્યું હતું. ત્યારે સુરત, અમદાવાદ, વડોદરા સહિતના શહેરોમાં 115 કંપનીઓ ઉપર દરોડા પાડી કાર્યવાહી કરી હતી. તપાસ દરમિયાન સુરતની 19 થી વધારે કંપનીઓની પણ તપાસ થઈ હતી. આ તપાસ બાદ સુરત ક્રાઈમ બ્રાંચમાં ગુનો નોંધાયો હતો. જેમાં આ ગુનામાં વોન્ટેડ આરોપી અબ્દુલ કાદરભાઇ ઉર્ફે પપ્પુભાઇ રફીકભાઇ ઉમરાણી (ઉ.વ.૪૦, રહે. પ્રિન્સ એવન્યુ ભીલવાડ સર્કલ, ગુજરાત ટ્રાવેલ્સની સામે ભાવનગર) ની ભાવનગર એલસીબીએ ધરપકડ કરી સુરત ઈકો સેલને સોંપ્યો હતો. ઈકોસેલએ તેની ધરપકડ કરી 3 દિવસના રિમાન્ડ મેળવ્યા છે. પકડાયેલા વેપારીએ બોગસ દસ્તાવેજોના આધારે બે પેઢીના જીએસટી નંબર મેળવ્યા હતા. અને દોઢ લાખમાં અન્યોને આપ્યા હતા. અને તેમાં બોગસ બિલ બનાવી નાણાકીય વ્યવહારો કરવામાં આવ્યા હતા.

## વરસતા વરસાદમાં ભીંજાવાની મોજ.....



■ લાંબા વિરામ બાદ અમદાવાદમાં સોમવારે ભારે વરસાદ પડતાં રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. આ પાણીમાં બાળકોએ ભીંજાવાની મોજ લીધી હતી. **(તસવીર : જનક પટેલ, અમદાવાદ)**

# અમદાવાદમાં 'મેઘો' જામ્યો, બે કલાકમાં બે ઇંચ વરસાદ, ઠેર ઠેર પાણી ભરાયા

**અઢી** ઈંચ વરસાદને કારણે મેમ્કો વિસ્તાર બેટમાં ફેરવાયો

**શહેરમાં** અનેક નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈગયા

**વાસણા** બેરેજના ચાર દરવાજા બે ફૂટ ખુલ્લા કરાયા

અમદાવાદઃ રાજ્યભરમાં વરસાદી માહોલ જામેલો છે, ત્યારે આજે અમદાવાદમાં છેલ્લા કેટલાક દિવસોથી વાદળછાયા વાતાવરણ હોવા છતાં વરસાદની રાહ જોવાતી હતી.

આખરે આજે સવારથી ઝરઝર વરસાદ સાથે બપોરે 12 વાગ્યાથી અમદાવાદમાં ધમાકેદાર વરસાદ શરૂ થયો હતો. બપોરે 12 થી 2:00 વાગ્યા સુધીમાં લગભગ બે ઈંચ જેટલો વરસાદ પડતા અમદાવાદ પાણી પાણી થઈ ગયું હતું. ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. આજે સવારથી જ અમદાવાદમાં વરસાદી વાતાવરણ જોવા મળ્યું હતું. સવારથી ઝરમર ઝરમર વરસાદ સાથે બપોરે 12 વાગ્યાથી જોરદાર વરસાદ શરૂ થયો હતો. શહેરના લગભગ તમામ વિસ્તારોમાં આજે સાર્વત્રિક વરસાદ નોંધાયો હતો. બપોરે 12 વાગ્યાથી 2:00 વાગ્યા સુધીમાં શહેરના મેમકો વિસ્તારમાં સૌથી વધારે અઢી ઈંચ વરસાદ ખાબકતા સમગ્ર વિસ્તાર બેટમાં ફેરવાયો હતો.

આ ઉપરાંત ઓઢવ, દુધેશ્વર, નરોડા, મણીનગર, કોતરપુર, ચાંદખેડા, ચકુડિયા મહાદેવ, નિકોલ, રાણીપ, ઉસ્માનપુરા, દાણાપીઠ, વિરાટનગર, કઠવાડા સહિતના તમામ વિસ્તારોમાં બે કલાકમાં 1.5 ઈંચ જેટલો વરસાદ થતાં નીચાણવાળા વિસ્તારમાં ઘૂંટણ સમા પાણી ભરાઈ ગયા હતા, પરિણામે વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ઉપરાંત શહેરના પાલડી, વાસણા, ચાંદલોડિયા, બોડકદેવ, રામોલ, સાયન્સ સિટી, વટવા, એસજી હાઇવે સહિતના અન્ય કેટલાક વિસ્તારોમાં અડધો ઈંચ વરસાદ નોંધાયો હતો. આમ આજે આખો દિવસ અમદાવાદ શહેરમાં વરસાદી માહોલ છવાયેલો રહ્યો હતો. અમદાવાદ શહેરમાં આજે સવારથી લઈ સાંજે ચાર વાગ્યા સુધી સરેરાશ બે ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. જેને કારણે સાબરમતી નદીમાં પાણીની આવકનો વધારો થતાં વાસણા બેરેજના ચાર દરવાજા બે ફૂટ જેટલા ખોલવામાં આવ્યા હતા.

# ખેડૂતોને ડાંગરના પોષણક્ષમ ભાવ આપો અને બોઈલ ચોખાની એક્સપોર્ટ ડ્યૂટી ઘટાડો

**પુરુષોત્તમ** ફાર્મર્સના બોર્ડ ઓફ ડિરેક્ટરોએ કેન્દ્રીય જલ સંશાધન કેબિનેટ મંત્રી સી.આર.પાટીલને રજૂઆત કરી



સુરત, સાયણઃ ઉનાળુ સિઝનમાં ઓલપાડ અને ચોર્યાસી તાલુકાના ખેડૂતોના ઉનાળુ ડાંગરના મબલક ઉતારાથી ખેડૂતોને ડાંગરનો પોષણક્ષમ ભાવ મળી રહે તથા ખેડૂતોની આવક બમણી કરવા કેન્દ્ર સરકાર બોઈલ ચોખાની એક્સપોર્ટ ડ્યૂટીમાં ઘટાડો કરે તેવી માંગ સાથે સુરત શહેરના જહાંગીરપુરા ખાતેની ધી પુરુષોત્તમ ફાર્મર્સ જીનિંગ એન્ડ પ્રેસિંગ સો.ના પ્રમુખ મનહરભાઈ પટેલના નેજા હેઠળ બોર્ડ ઓફ ડિરેક્ટરોએ કેન્દ્રીય જલ સંશાધન કેબિનેટ મંત્રી સી.આર. પાટીલને રજૂઆત કરી છે. આ સહકારી અગણીઓએ ખેડૂતોનો ન્યાયી અવાજ કેન્દ્ર સરકારના કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણ તથા નાણાંમંત્રી નિર્મલા સીતારમન સુધી પહોંચાડવા વિનંતી કરી છે.

પ્રાપ્ત વિગત અનુસાર ઓલપાડ-ચોર્યાસી તાલુકામાં ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે ઉનાળુ ડાંગરના મબલક ઉત્પાદનથી એક બાજુ ખેડૂતોમાં આનંદની લહેર છે, ત્યારે બીજી બાજુ સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલા નેતાઓને ખેડૂતોને ડાંગરનો પોષણક્ષમ ભાવ કઈ રીતે ચૂકવી શકાય? તેની ચિંતા છે. જો કે, આ બાબતે પાંચ દિવસ પહેલાં જ ધી પુરુષોત્તમ ફાર્મર્સના બોર્ડ ઓફ ડિરેક્ટરો, ઓલપાડ, ચોર્યાસી તાલુકાના ખેડૂત સહકારી આગેવાનોએ સરકારના વન-પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ, સુરત જિલ્લા ભાજપ સંગઠનની ટીમ તથા સુરત જિલ્લા ભાજપના વિવિધ ધારાસભ્યોને સાથે રાખી રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત કેબિનેટ કૃષિમંત્રી રાઘવજી પટેલને રૂબરૂ મળી રજૂઆત કરી હતી. જો કે, આ રજૂઆતનો પડઘો દિલ્હીની કેન્દ્ર સરકાર સુધી પહોંચાડવા સુરત આવેલ કેન્દ્રીય જલ સંશાધન મંત્રી અને ગુ.પ્ર. ભાજપ પ્રમુખ સી.આર. પાટીલને રાજ્યના વન-પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલને સાથે રાખી ફરી રજૂઆત કરી છે.

ધી પુરુષોત્તમ ફાર્મર્સના પ્રમુખ મનહરભાઈ પટેલે આ બાબતે લેખિત રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર અને વન-પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલના સહયોગથી ઓલપાડ-ચોર્યાસી તાલુકાના ખેડૂતોને ઉનાળુ સિઝનમાં પૂરતા પ્રમાણમાં સિંચાઈનું પાણી મળતાં સને-૨૦૨૪ની ઉનાળુ સિઝનમાં વધુ ડાંગરનું ઉત્પાદન થવાથી કેટલાક ખેડૂતોએ ખાનગી વેપારીને ડાંગરનું બારોબાર વેચાણ કર્યા પછી પણ તાલુકાની સહકારી સંસ્થાઓમાં ૧૨,૬૯,૪૧૧ ડાંગરની ગુણીઓ જમા થઈ છે. તેની સરખામણીમાં ગત વર્ષે માત્ર ૮ લાખ ડાંગર ગુણીનું ઉત્પાદન થયું હતું અને અમે પ્રતિ ૨૦ કિલો ડાંગરનો ભાવ રૂપિયા ૪૮૪ ચૂકવ્યો હતો. જ્યારે ડાંગર પકવતા ખેડૂતોને ચાલુ વર્ષે સિંચાઈ પાણીનો પિયાવો, ખેતર ખેડામણી, દવા, રાસાયણિક ખાતર તથા મજૂરીના ખર્ચમાં પણ વધારો થતાં ખેડૂતોની આર્થિક કમર તૂટી છે. જેથી ચાલુ વર્ષે ખેડૂતોને જો પ્રતિ ૨૦ કિલો ડાંગરનો ભાવ રૂ.૫૦૦થી વધુ મળે તો જ ખેડૂતોની આર્થિક ઉન્નતિ થઈ શકે તેમ છે.

આ સહકારી નેતાઓએ કેન્દ્ર સરકારના સંબંધિત મંત્રીઓનું ધ્યાન દોરતાં જણાવ્યું કે, અમો સહકારી સંસ્થાઓ થકી ખેડૂતો પાસેથી કપાસ, દીવેલા, ડાંગર સહિત અન્ય ખેતપાકોનું એકત્રીકરણ કરી વેપારીઓને વેચ્યા બાદ મંડળીઓ માત્ર પોતાનો ખર્ચ બાદ કરી નફાના ધોરણ વિના ખેડૂતોને ખેતપાકના પોષણક્ષમ ભાવ મળે તે દિશામાં કામ કરી રહી છે. જેના કારણે જ ઓલપાડ, ચોર્યાસી તાલુકાના ખેડૂત સભાસદોના અતૂટ વિશ્વાસ થકી જ તાલુકાની મોટા ભાગની સહકારી સંસ્થાઓ દેશની આઝાદી પૂર્વેથી કાર્યરત રહી આ મંડળીઓ ટકી રહી છે.

તેમણે વધુ રજૂઆત કરતાં કહ્યું કે, સને-૨૦૨૨-૨૩ના વર્ષમાં ડાંગરનું ઓછું ઉત્પાદન થતાં કેન્દ્ર સરકારે બોઈલ ચોખાની એક્સપોર્ટ ડ્યૂટીમાં ૧૦ %થી વધારો કરી ૨૦ % કરી હતી. જેથી તે સમયથી દેશમાંથી નિકાસ થતા ડાંગરના એક્સપોર્ટમાં ફટકો પડતાં ડાંગર ગુણીના ભરાવાથી ખેડૂતોને ડાંગરનો ઓછો ભાવ મળી રહ્યો છે.

જેથી કેન્દ્ર સરકાર જો બોઈલ ચોખાની એક્સપોર્ટ ડ્યૂટીમાં ઘટાડો કરી ફરી ૧૦ ટકા કરવામાં આવે તો જ ચોખાના નિકાસની ગતિ વેગ પકડશે અને દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું ખેડૂતોની આવક બમણી કરવાનું સપનું સાકાર થશે.

ધી પુરુષોત્તમ ફાર્મર્સ બોર્ડ ઓફ ડિરેક્ટરોની આ રજૂઆતમાં તેમની સભ્ય સહકારી મંડળીઓ સહિત ખેડૂતોનું ડાંગર વેચાણ કરતી ધી પાલ કોટન મંડળીના પ્રમુખ નરેશભાઈ પટેલ, ધી ઓલપાડ ગ્રુપ તુવેર એન્ડ ભોંયસીંગ(દાળિયા) મંડળી, ધી પારડી ઝાંખરી, કરંજ-નેશ સહકારી મંડળી, ધી કીમ વિભાગ ખેતીપાક અને રૂપાંતરીત સહકારી મંડળી, ધી બરબોધન સેવા સહકારી મંડળી, ધી જીણોદ સેવા સહકારી મંડળીઓ પણ જોડાઈ હતી.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### ગુજરાતમાં ૭૦૩.૫૬....

દક્ષિણ ગુજરાતમાં, અંદાજે ૮૩.૦૬ ટકા દરિયાકાંઠો ધોવાઈ રહ્યો છે,૧૦.૧૫ ટકા સ્થિર છે અને ૬.૭૮ ટકા જમીન મેળવી રહ્યો છે. ક્ષીણ થતા દરિયાકાંઠાની લંબાઈ સ્થિર અને વધતા દરિયાકાંઠા કરતા વધારે છે. આ ધોવાણ સુરત જિલ્લાના દાંડીથી વલસાડ જિલ્લાના ઉમરગામ સુધી ફેલાયેલું છે," તેવું સંશોધકો કૃણાલ પટેલ, રાજમલ જૈન, માણિક કાલુબર્મે અને તુષારકુમાર ભટ્ટ દ્વારા થયેલા અભ્યાસમાં જણાવાયું છે.

### ભારે વરસાદથી....

માટે બંધ કરવામાં આવ્યા હતા. જરૂર જણાય ત્યાં બંધ રસ્તા પાસે પોલીસ તથા હોમગાર્ડના જવાનો તૈનાત કરાયા હતા. એ સાથે સિઝનનો કુલ ૧૦૦૮ મી.મી. એટલે કે, ૪૦ ઈંચ વરસાદ વરસ્યો છે. ભારે વરસાદના કારણે માર્ગ અને મકાન વિભાગના પંચાયત વિભાગ હસ્તકના એકથી બીજા ગામને જોડતા 10 રસ્તા ઓવર ટોપિંગ તથા કોઝવે ઓવર ટોપિગના કારણે બંધ કરવામાં આવ્યા હતા, જેમાં ઉમરપાડા તાલુકાના વડપાડથી હલધરી, શરદાથી નવી વસાહત રોડ, શામપુરથી ઉમરઝર, બલાલકૂવાથી વહાર, ઉમરઝર સરવણ ફોકડીથી નવાગામ તુંડી, પાડા એપ્રોચ રોડ, ચિતલદા સ્મશાનથી ગોડલિયા, ચંદ્રપાડાથી ગોપાલિયા, વેલાવી ખરેડીપાડા, બિલવનથી હલધરી સુધીના રસ્તાને બંધ કરવામાં આવ્યા હતા. એ સાથે માંડણ ગામથી પાડાગામ તરફ જતાં વીરા નદીનો પુલ ધોવાઈ ગયો હતો.

### નર્મદા જિલ્લામાં....

ગયા હતા. જેને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થવા સાથે નદીમાં નવા નીર આવ્યા હતા. ભારે વરસાદને પગલે કરજણ ડેમમાંથી 30 હજાર ક્યુસેક્સ પાણી છોડાયું હતું.

### મોહન નદી પરના....

પડી રહ્યો છે. વહીવટી તંત્રએ લોકોને પાણીમાં ન જવા સૂચના આપી હતી. બપોર બાદ વરસાદે વિરામ લેતાં લોકોએ રાહતનો દમ લીધો હતો.

### મોરિયાણા ગામે યુવાન....

સરપંચને થતાં યુવકને બચાવવા માટે નેત્રંગ મામલતદાર કોકણીનો સંપર્ક કરાતાં આપદા મિત્રો સાથે ઘટના સ્થળ પહોંચી અન્ય ગામજનોના સહકારથી રેસ્ક્યુ કરી બચાવવાની કામગીરી હાથ ધરી હતી.

# રાજ્યમાં પ્રથમવાર યુ-ટ્યુબના માધ્યમથી છાત્રાલયોમાં ૧૯,૭૪૪ વિદ્યાર્થીને પ્રવેશ

**અમદાવાદ** સમરસ છાત્રાલયમાં સૌથી વધુ ૧૮૨૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો

ગાંધીનગરઃ રાજ્યમાં સરકારી છાત્રાલયોમાં ધો-૧૧ થી લઈ પી.એચ.ડી સુધીના અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રહેવા અને જમવાની ઉત્તમ સુવિધાઓ અને સગવડો સાથે પ્રવેશ આપવામાં આવે છે. યુ-ટ્યુબ દ્વારા લાઈવ ઓનલાઈન મેરીટ પ્રસિદ્ધ કરી ૧૫૮ સરકારી અને સમરસ છાત્રાલયોમાં ૧૯,૭૪૪ વિદ્યાર્થીઓને સરકારી અને સમરસ છાત્રાલયોમાં પ્રવેશ અપાવ્યો હતો.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી ભાનુબેન બાબરીયાએ આ મેરીટ પ્રસિદ્ધિ થયા બાદ મેરીટમાં આવનાર અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળ ૭૮ કુમાર-કન્યા છાત્રાલયોના ૧૮૪૧ રિન્યુઅલ વિદ્યાર્થીઓ અને ૨૪૯૧ નવા વિદ્યાર્થીઓ, વિકસતી જાતિ કલ્યાણ હેઠળ ૫૯ કુમાર-કન્યા છાત્રાલયોના ૮૯૫ રિન્યુઅલ વિદ્યાર્થીઓ અને ૨૨૩૩ નવા વિદ્યાર્થીઓ તેમજ સમરસ છાત્રાલય સોસાયટી હેઠળના ૨૧ કુમાર-કન્યા છાત્રાલયોના ૪૬૩૬ રિન્યુઅલ વિદ્યાર્થીઓ અને ૭૬૪૮ નવા વિદ્યાર્થીઓ ને જરૂરી દસ્તાવેજોનુ વેરિફિકેશન કરી વર્ષ ૨૦૨૪-૨૫ માટે છાત્રાલયોમાં પ્રવેશ અપાશે.

## વધુ વ્યાજ અને રૂપિયા પડાવનાર આરોપીની આગોતરા જામીન અરજી નામંજૂર

સુરતઃ ગેરકાયદેસર રીતે ઉંચા વ્યાજે આપેલા રૂપિયાથી વધુ વ્યાજ અને રૂપિયા પડાવનાર આરોપીની આગોતરા જામીન અરજી કોર્ટે નામંજૂર કરી હતી. કેસની વિગત એવી છે કે ફરિયાદી અનિરુદ્ધ નટવરલાલ પટેલને રૂપિયાની જરૂરત પડતા અનિરુદ્ધે આરોપી રાહુલ નાયર પાસેથી 2.40 લાખ રૂપિયા 5 ટકા વ્યાજે લીધા હતા. ફરિયાદીએ તમામ રૂપિયા વ્યાજ સાથે આપી દીધા હોવા છતાં આરોપીએ ચેક અને કાર પરત કરી ન હતી. આરોપી રાહુલે આરોપી લાલા ભરવાડ નામના બદમાશ સાથે ફરિયાદીની વાત કરાવી હતી. આ બાબતે અનિરુદ્ધ પટેલે આરોપી રાહુલ નાયર અને લાલા ભરવાડ વિરુદ્ધ જહાંગીરપુરા પોલીસ સ્ટેશનમાં મની લેન્ડિંગ એક્ટ, ખંડણી અને સહિતની કલમ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. રાહુલે ધરપકડથી બચવા માટે કરેલી આગોતર જામીન અરજીનો એડવોકેટ બી.એન. ચાવડા મારફત વિરોધ કરાયો હતો.